ક્રમાંક: બ/FCA/૬/ ૫૬૫-૬૬ /૨૦૧૬-૧૭
નાયબ વન સંરક્ષકશ્રી ની કચેરી,
યુનિવર્સિટી રોડ, રેલ્વે ફાટકની બાજુમાં,
પાટણ તા.૨૮/૪/૨૦૧૬.

પ્રતિ,
કાર્યપાલક ઇજનેરશ્રી,
કે.બી.સી. ડીવીઝન નં.૧/૭,
રાધનપુર.

વિષય : રિઝર્વડ ફોરેસ્ટ લેન્ડ એક્વીઝીશન ફોર કન્સ્ટ્રકટીંગ ચારણકા ડીસ્ટ્રી કલ્યાણપુરા ડીસ્ટ્રી, ગરામડી ડીસ્ટ્રી, રોઝુ ડીસ્ટ્રી, એન્ડ ઘેર માઇનો ઓફટેકીંગ ફ્રોમ કચ્છ બ્રાન્ચ કેનાલ.
પ્રપોઝલ નંબર :- FP/GJ/IRRIG/14657/2015.

સંદર્ભ : (૧) આપના પત્ર ક્રમાંક: EE/KBCDN No.૧/૭/PB/KBC/Fores Dept./૧૪૦૮, તા.૨૦/૦૮/૨૦૧૦.
અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:
(૨) બ/એફ.સી.એ./૫/૫૮૪૬-૪૭, તા.૦૩-૧૧-૨૦૧૫.
(૩) બ/એફ.સી.એ./૫/૪૦૧-૦૨, તા.૧૬-૦૪-૨૦૧૬.

જયભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, ઉપરોકત સંદર્ભપત્ર-૧ થી માઇનોર કેનાલ બનાવવા માટેની એફ.સી.એ. હેઠળ ૦૩-૩૫-૮૮ હેકટરની દરખાસ્ત તમોએ અત્રે રજુ કરેલ છે. જે દરખાસ્ત અન્વયે અધુરાશોની પૂર્તતા કરવા માટે અત્રેની કચેરીન સંદર્ભપત્ર-૨ તથા ૩ થી જરૂરી પૂર્તતા કરવા જણાવવામાં આવેલ છે. ઉપરાંત તા.૦૫/૦૪/૨૦૧૬ ન રોજ અત્રેની કચેરીએ બેઠક રાખવામાં આવેલ. જેમાં સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડના અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (SSNNL) ના મદદનીશ વન સંરક્ષકશ્રી, એ.એમ. પટેલ તથા અન્ય અધિકારીની રૂબરૂમાં વિગતવાર ચર્ચા કરેલ અને ખૂટતાં દસ્તાવેજોની પૂર્તતા સત્વરે કરવા જણાવેલ અને ખૂટતાં દસ્તાવેજોની યાદી રૂબરૂમાં પણ લખાવેલ. તેમ છતાં હજુસુધી જરૂરી પૂર્તતાઓ અંગેનો રીપોર્ટ અત્રે મળેલ નથી. પરિણામે આપની દરખાસ્ત ઉપલી સત્તાએ મંજુરી અર્થે મોકલી શકાયેલ નથી.

ઉપલી સત્તાએથી વારંવાર દરખાસ્તો સાદર કરવા માટે ટેલીફોનીક જણાવવામાં આવે છે. તો એ પ્રસ્તુત બાબતે વધુ વિલંબ નહીં કરવા, સત્વરે પૂર્તતા કરવા વિનંતી છે.

નાયબ વન સંરક્ષક
પાટણ વન વિભાગ
પાટણ.

નકલ સાદર રવાના : અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, SSNNL, ગાંધીનગર તરફ જાણ તથા સબંધી કચેરીને જરૂરી સુચના આપની કક્ષાથી અપાઇ જવા વિનંતી સહ.

નકલ સાદર રવાના : અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુ.રા, ગાંધીનગર તરફ જાણ થવાની વિનંતી સહ.

નકલ સાદર રવાના : મુખ્ય વન સંરક્ષકશ્રી, કચ્છ વન વર્તુળ, ભુજ તરફ જાણ થવા વિનંતી છે.